# પ્રાંતિજના દલપુર જોગણી માતાના મંદિર ખાતે જીવંત શોડષી તથા ચાદરવિધી કાર્યક્રમ યોજાયો

**સંતો-મહંતો ભક્તો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા : દલપુર ગ્રામજનો દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતું**





પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના દલપુર ખાતે આવેલ આત્મ લિંગેશ્વર મહાદેવ તથા જોગણી માતાના મંદિર ના મહંત શ્રી ચંદ્રમા ગીરી બાપુની જીવંત શોડષી તથા સુંદર ગીરી મહારાજ ની ચાદર વિધી કાર્યક્રમ યોજાયો.

પ્રાંતિજ ના દલપુર ખાતે આવેલ શ્રી જોગણી માતાના મંદિર તથા આત્મલિંગશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી પંચદશનામ જુના અખાડા મહંત ગુરુજી શ્રીમાગીરીબાપુ તેમના શિષ્ય મંહત ચંદ્રમાગીરી બાપુની જીવંત શોડષી કાર્યક્રમ તથા શ્રીચંદ્રમાગીરી મહારાજ ના શિષ્ય શ્રી સુંદર ગીરી મહારાજ ની ચાદર વિધિ કાર્યક્રમ યોજાયો હતો જેમા પ્રાંતિજ તાલુકા સહિત જિલ્લા અને ગુજરાત ભરમાંથી મોટી સંખ્યામા સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા તો તેવોને ભોજન જમાડી દાન ભેટ આપવામા આવી હતી તો રાત્રી ના સમયે ભજન કિર્તન કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ તો સમગ્ર કાર્યક્રમનુ સુંદર આયોજન આશિષ ભાઈ પટેલ તથા સમસ્ત દલપુર ગ્રામજનો દ્વારા કરવામા આવ્યુ હતુ.

## આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે સેટ 'બી' અને સેટ 'ડી'ની ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું



ધનસુરા, તા. ૭

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા અને K.C.G. અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ફિનિશિંગ સ્કૂલ ટ્રેનીંગ અંતર્ગત સેટ 'B' અને સેટ 'D' ની ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વડોદરાના પિંકી કુમારી દ્વારા સ્પોકન ઈંગ્લીશ સેલ્ફ ઈન્ટ્રોડકશન રિપોર્ટરાઈટિંગ, ગ્રુપ ડિસ્કશન, કોમ્યુનિકેશન સ્કીલ ડેવલપમેન્ટમાં સજ્જ કરી રોજગાર મેળવવાની ક્ષમતા વધે તેવી ટ્રેનિંગ ધનસુરા કોલેજમાં આપવામાં આવી હતી જેમાં પ્રિ. ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને સતત શીખવાને જીવનમાં આગળ વધવા માટેની પ્રેરણા આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર ટ્રેનિગ પ્રોગ્રામ કો. ઓર્ડીનેટર પ્રા. દિપ્તીબેન નિમાવત અને પ્રા. ભારતીબેન ગાંવિત દ્વારા અયોજન કરવામાં આવ્યું હતું, સંચાલક મંડળના પ્રમુખ જે.સી.શાહ દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ચોરીના મુદ્દામાલ સાથે એક ઇસમને જડપી પાડતી ધાનેરા પોલીસ

ધાનેરા તા. ૭

ધાનેરા પોલીસ સ્ટેશનના પી એસ આઈ બી.સી.છત્રાલીયાના સીધા માર્ગદર્શન મુજબ હેડ. કોન્સ લાલજીભાઈ શામળાજી તથા પો.કોન્સ ભીખાભાઈ જીવરામભાઈ.ભાવેશભાઈ કરશનભાઈ. ભુરાભાઈ કેવદાભાઈ.વિક્રમભાઈ પીરાભાઈ. દિનેશભાઈ હેમાભાઈ.રમેશભાઈ નવાભાઈ.રમેશભાઈ કચરાભાઈ. સરદારસિંહ ગણેશાજી. ઓખજીભાઈ સવજીભાઈ પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો લાલજીભાઈ શામળાજી ને બાતમી હકિકત મળેલ કે ધાનેરા પો.સ્ટેશનમા નોધાયેલ ફરીયાદ મુજબ ચોરીમાં ગયેલ મુદ્દામાલ ધરણોધર ગામે રહેતા માનાભાઈ સવાભાઈ માજીરાણા નાઓએ પોતાના ઘરે સંતાડેલ છે જે હકિકત આધારે સદરેના ઘરે જતા સદરહું ઈસમ મળી આવેલ અને તેના ઘરની ઝડતી તપાસ કરતાં ઉપરોક્ત ગુનામાં ગયેલ મુદ્દામાલ ચાંદીનો કંદોરો નંગ-૧ તથા કાનમાં પહેરવાની સોનાની બુટ્ટી જોડ નંગ-૧ તથા ગળામાં પહેરવાની ડોડી તથા પગનું ચાંદીનું ઝાંઝર-૧ તથા ચાંદીની તોડી નંગ-૧ તથા ચાંદીની લકી-૧ તથા મોબાઈલ ફોન-૧ મળી કુલ કિ.રૂ.૬૨,૫૦૦/-નો મુદ્દામાલ રીકવર કરવામા આવેલ છે મજકુર ઈશમ માનાભાઈ સવાભાઈ માજીરાણા રહે- ધરણોધર તા.ધાનેરા વાળાને ચોરીમા ગયેલ મુદ્દામાલ સાથે ઝડપી ધાનેરા પો.સ્ટે લાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## લ્યો, બોલો - પ્રાંતિજ પાલિકાની વ્હાલા-દવાલા નીતિ સામે આવી

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નગરપાલિકા ની વ્હાલા દવાલા નિતીને લઈ ને પ્રાંતિજ પાલિકા ને વર્ષે લાખ્ખો રૂપિયા નુ નુકસાન તો નગરજનો માટે પાણી ના પૈસા તો અન્નદાતા કોન્ટ્રાક્ટરો માટે પાણી ફ્રી આપવામાં આવે છે.

**પાલિકાના કોન્ટ્રાક્ટરો સહિત કોન્ટ્રાક્ટરોને પાણી ફ્રી નગરજનો માટે ચાર્જ : રોજના ૧૦થી પણ વધારે પાણીની ટેન્કરો ભરાય છે : ધાર્મિક પ્રસંગ કે લગ્ન પ્રસંગ માટે નગરજનો પાસેથી પાણીનો ચાર્જ વસુલવામા આવે છે : ઠરાવ કરવા છતાંય પ્રાંતિજ પાલિકા દ્વારા તેવોના કમાઉ અન્નદાતા કોન્ટ્રાક્ટરો ને સાચવવામા ઠરાવની અવગણના : પાલિકાના અધિકારીઓ સત્તાધિશોઓ અને કેટલાક કોર્પોરેટરો કોન્ટ્રાક્ટરોને સાચવવામા જતા પાલિકાને વર્ષે લાખ્ખોનુ નુકસાન કરાવે છે : આજદિન સુધી કોઈ કોન્ટ્રાક્ટર દ્વારા પાણીના પૈસા ચુક્યા હોય તેવી કોઇ પાવતી ફાટી નથી**

પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા દ્વારા સામાન્ય સભામા પાણીની ટેક્કર માટે પાણી આપવા બાબતે કરવામા આવેલ ઠરાવ ને પાલિકા દ્વારા પોતેજ અવગણ ના કરવામા આવી રહી છે અને આ ઠરાવ જાણે ખાલી નગરજનો તથા ધાર્મિક સંસ્થાઓ માટેજ હોય તેમ ખાલી નગરજનો ને લગ્ન પ્રસંગો કે કોઈ પણ રીતે પાણી ની જરૂરીયાત હોય તેવા નગરજનો પાસેથી પ્રાંતિજ પાલિકા ૫૦૦ થી ૨૦૦૦ રૂપિયા પાણી સાથે ટેક્કર ની પાવતી આપી ને પૈસા વસુલ કરવામા આવે છે તો પાલિકા મા ચાલતુ કામ કે બહાર ચાલતુ કામ માટે પાલિકા મા પાણી લેવા આવતા પાલિકા ના કોન્ટ્રાક્ટરો કે બહાર ના કોન્ટ્રાક્ટરો પાસેથી પાણી પેટે આજદિન સુધી એક રૂપિયો પણ વસુલ કરવામા આવ્યો નથી અને પાલીકા ના કોન્ટ્રાક્ટરો કે પ્રાઈવેટ કોન્ટ્રાક્ટરો પોતાના માટે જોઈતુ પાણી ગમે ત્યારે વગર ચાર્જે બિન્દાસ પણે લઈ જાય છે તો નગરજનો ને જોઈતુ પાણી નગરજનો સામાન્ય વ્યક્તિ પણ ચાર્જ ચુકવી પાણી લઈ જતો હોય છે તો પ્રાંતિજ પાલિકા ની વ્હાલા દવાલા નીતી ને લઈ ને હાલતો પ્રાંતિજ પાલિકા ને વર્ષે લાખ્ખો નુ નુકસાન થઈ રહ્યુ છે ત્યારે હાલતો પ્રાંતિજ નગર પાલિકા ના અધિકારીઓ , સત્તાધિશો અને કેટલાક કોર્પોરેટરો પોતાના અન્નદાતા કોન્ટ્રાક્ટરો ને સાચવવા જતા પ્રાંતિજ નગર પાલિકા ને વર્ષે લાખ્ખો નુ રૂપિયા નુ નુકસાન કરાવે છે તો પ્રાંતિજ પાલિકા ના કોઈ પણ કોન્ટ્રાક્ટર નગર ના વિકાસ માટે કે નગર ના અન્ય કામમા ઉપયોગ મા લીધેલ પાણી સામે એક પણ રૂપિયાનો અત્યાર સુધી મા ચાર્જ ચુકવેલ નથી તો નગર ના નાના મા નાના વ્યક્તિઓ પોતાના પર્સનલ યુજ માટે કે લગ્ન પ્રસંગ માટે લીધેલ પાણી ના પૈસા ચુકવેલ અનેક રશીદો છે ત્યારે હાલતો પ્રાંતિજ પાલિકા ની વ્હાલા દવાલા હોવા નીતિને લઈ ને પ્રાંતિજ પાલિકા ને વર્ષે લાખ્ખો રૂપિયા નુ નુકસાન થઈ રહ્યુ છે તો આ અંગે પ્રાંતિજ નગરપાલિકા ના ચીફ ઓફિસર ઉર્મિલાબેન સુમેસરા ને પુછતા તેવોએ પહેલા જણાવ્યુ કે પ્રાંતિજ મા નગર ના વિકાસ ના કામો જેવા કે રોડ-રસ્તા ના કોન્ટ્રાક્ટરો કામ કરતા હોય તો તેમને પાણી આપવુ જ પડે અને પાલિકા નુ કામ કરતા હોય તેમની પાસે થી પૈસા ના લેવાય તેવો વિકાસ નુ કામ કરી રહ્યા છે ત્યારે બહેન ને એ પણ ખબર નથી કે આ પાણી બાબતે અગાઉ પ્રાંતિજ પાલિકામા ઠરાવ પણ થયો છે તો પછી પાછુ તેવોએ ફેવરી લેતા જણાવ્યુ કે અમારા એન્જીનીયર મેધનાબેન પાસે આ ચાર્જ છે અને તેવોએ કોન્ટ્રાક્ટર પાસેથી પાણી પેટે નો ચાર્જ પણ વસુલ કર્યો છે ત્યારે આ અંગે નગર પાલિકા ના એન્જીનીયર મેધનાબેન ને પુછતા તેવોએ જણાવ્યુ કે આ અંગે મને કોઈ ખબર નથી અને મે હજુ સુધી આ બાબતે કોઈજ ચાર્જ વસુલવામા આવ્યો નથી.

## ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કિસાન મોરચામાં માલપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખની વરણી

બાયડ તા.૭



ગુજરાત પ્રદેશ કિસાન મોરચા ના અધ્યક્ષ હિતેશભાઈ પટેલે સમગ્ર રાજ્યમાં તાજેતરમાં કારોબારી તેમજ આમંત્રિત સભ્યોને વિવિધ વિભાગોમાં નિમણૂક કરાઈ છે તેમાં અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા પંચાયતના તેમજ ભાજપના પૂર્વ પ્રમુખ મહેશભાઈ ડાહ્યાભાઈ પટેલની પ્રદેશની કારોબારીમાં સ્થાન મળતાં જિલ્લા ભાજપ અને તાલુકાના સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો સહિત કિસાનોમાં ખુશી અને ઉત્સાહ જોવા મળ્યો હતો જેમની સાથે મેઘરજના હોદેદારોની પણ નિમણૂકને વધાવી લીધી હતી

## ચોરી : પેટ્રોલપંપ પર પરિવાર કારમાં સૂતો રહ્યો અને ચોર ૯ લાખના દાગીના ચોરી ગયો

**જગાણા પાસે આવેલા પેટ્રોલપંપ પર મધરાતે બનેલો બનાવ**

પાલનપુર તા. ૭

રાજસ્થાનના રહેવાસી ૧૮ નવેમ્બરે સાળીના લગ્નમાં આવ્યા હતા જે લગ્ન પ્રસંગ પતાવી ૧ ડિસેમ્બરે પરત ફરી રહ્યાં હતા ત્યારે જગાણા પેટ્રોલપંપ પાસે આરામ કરવા ગાડી ઊભી રાખી અને ચોર તેમના રૂ ૯ લાખના દાગીના ચોરી જતાં તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

રાજસ્થાનના રહેવાસી અને બેંગ્લોર હાર્ડવેરના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રકાશભાઈ પુના રામ સેરવી પત્નીના મામાની દીકરીના( સાળી)લગ્નમાં રાજસ્થાન ખાતે ૧૮ નવેમ્બરે પરિવાર સાથે ગયા હતા અને જેઓ લગ્ન પતાવી ૧ ડિસેમ્બરે સાઢુભાઈની ગાડીમાં પરત બેંગ્લોર જવા નીકળ્યા હતા ત્યારે પાલનપુર નજીકના જગાણા કાણોદરની વચ્ચે આવેલા ઈન્ડિયન ઓઈલના પેટ્રોલ પંપ પાસે રાત્રિના ૨ વાગે ગાડી રોકી પરિવાર ગાડીમાં સૂઈ ગયો હતો.

જ્યારે સવારે છ વાગે જાગે ત્યારે ગાડીની ડીકી સહેજ ખુલ્લી હતી તે બંધ કરી બૅન્ગલોર જવા નિકળ્યા હતા ત્યારે અમદાવાદ વડોદરા એક્સ્પેસ હાઈવે પરના ટોલનાકા નજીક આવેલી ચાની કીટલી પર ગાડી થોભાવી હતી અને બધા ચા પીવા ઉતર્યા હતા જોકે તેમની સાળીની નાની દીકરીનાં કપડાં બદલવાના હોવાથી થેલો જોતાં થેલાની ચેઈન અડધી ખુલ્લી હતી અને તેમાં રાખેલો દાગીનાનો ડબ્બો ગુમ થઈ હોવાનું માલુમ પડયું હતું જો કે તેમની પત્નીનું પર્સ પણ દેખાયું ન હતું.પરત આવી તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## પાલનપુરમાં સપ્તાહમાં ૫૮ લોકો વિદેશથી આવ્યા, સાત લોકોને ક્વોરન્ટાઈન કરાયા

પાલનપુર તા. ૭

પાલનપુરમાં એક સપ્તાહમાં ૫૮ લોકો વિદેશથી આવ્યા છે. એમિક્રોન વાયરસની અસરવાળા દેશમાંથી આવેલા ૭ લોકોને ક્વોરેન્ટાઈન કરાયા છે. જેમાં પાલનપુરના ૫ અને થરાના ૨ લોકોનું આરોગ્ય વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. વૈશ્વિક મહામારી કોરોના વાયરસના ડેલ્ટા વાયરસ બાદ હવે એમિક્રોન વાયરસને લઈ ભયનો માહોલ સર્જાયો છે. યુનાઈટેડ કિંગડમ અને સાઉથ આફ્રિકા સહિતના ૧૧ દેશોમાંથી આવતા લોકોને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. જિલ્લા આરોગ્ય વિભાગના એપેડેમીક ઓફીસર ડો. નરેશ ગર્ગે વિગતો આપતા જણાવ્યું હતું કે "૨૬ નવે.થી વિદેશથી આવી રહેલા પ્રવાસીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી રહી છે. જેમાં શનિવાર બપોર સુધી ૫૮ પ્રવાસીઓ આવ્યા છે જેમાં વાયરસની અસર વાળા દેશોમાંથી આવેલા પ્રવાસીઓની સંખ્યા ૮ હતી જેમાંથી ૧ પ્રવાસી પરત જતા રહ્યા છે. જેથી હાલ ૭ પ્રવાસીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. જેઓ હાલ હોમ ક્વોરેન્ટાઈન છે. જેમાં ૫ પાલનપુર અને ૨ કાંકરેજ તાલુકાના થરા ગામના છે જેમાં ૪ મહિલા અને ૩ પુરુષનો સમાવેશ થાય છે. તમામના સેમ્પલ નેગેટિવ આવ્યા છે. અને તાવ શરદી કે દુઃખાવાના પણ કોઈ લક્ષણો નથી.

**પાલનપુરના ૫ અને થરાના ૨ લોકોનું આરોગ્ય વિભાગ દ્વારા સતત મોનિટરિંગ**

## અરવલ્લી જીલ્લામાં 'મકરસંક્રાતિ' વિષય પર ૨૪ ડિસેમ્બર સુધી ચિત્રસ્પર્ધા

બાયડ તા.૭

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત જિલ્લા રમતગમત કચેરી,અરવલ્લી સંચાલિત "મકરસંક્રાતિ" વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાશે. હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. જેમાં આપની કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો) ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધામાં ૦૮ થી ૧૩(૩૧ ડિસેમ્બર ૨૦૦૮ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીના વચગાળાના બાળકો) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાંથી ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજ્યકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે. રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી,રવિશંકર રાવલ કલાભવન, એલિસબ્રિજ,અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમા સમગ્ર રાજ્યમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે. રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫,૦૦૦/- (પ્રત્યેક) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે. જિલ્લાકક્ષા સ્પર્ધા માં કોઈ વ્યક્તિની મદદ વિના ચિત્ર દોરી તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી ખાતે જિલ્લા રમતગમત અધિકારીને પહોંચતી કરવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના બ્લોગ એડ્રેસ પરથી અને કચેરી પરથી મેળવી શકાશે. એમ જિલ્લા રમત ગમત અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## જાહેર સ્થળોએ વગર પરમીશને ધરણા રેલી કે સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમો ૨૦ ડિસેમ્બર સુધી કરી શકાશે નહી

**અરવલ્લી જીલ્લામાં ચાલતા COVID-19ના વાયરસને ફેલાવતો અટકાવવા જીલ્લા અધિક નિવાસી કલેકટર દ્વારા પ્રતિબંધિત હુકમો જાહેર કરાયા**

બાયડ તા.૭

હાલમાં ચાલતા COVID-19ના વાયરસને ફેલાવતો અટકાવવા સારૂ તથા અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમા તા. ૦૬ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પ્રદિપસિંહ રાઠોડ, અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧(સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ- ૩૭ (૩) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિત મનાઈ હુકમો જાહેર કર્યા.

અરવલ્લી જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સક્ષમ અધિકારીની મંજુરી સિવાય જાહેર સ્થળોએ વગર પરમીશને ધરણા,રેલી,સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાતિનો ભંગ ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું જાહેર સ્થળે ચારથી વધુ ઈસમો એકત્રિત ન થાય તે હેતુસર તા. ૦૬ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૦૦-૦૦ થી તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) સુધી સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી વિના જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ માણસો એકત્રીત થવા તથા કોઈ સભા ભરવી કે બોલાવવી નહિ અને કોઈપણ જાતની સભા સરઘસ કાઢવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

તેમજ આ આદેશ સરકારી નોકરીમાં/ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને, કોઈ લગ્નના વરઘોડાને તથા કોઈ સ્મશાન યાત્રાને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવ્યા છે.

## પ્રાંતિજ ખાતે ગેરકાયદેસર દુકાન પચાવી પાડતા પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગોપીનાથ કોમ્પલેક્ષ માં આવેલ ૩૪ નંબરની દુકાન ફરીયાદીના મૃતક પુત્ર દ્વારા મિત્રતામાં વાપરવા માટે આપેલ દુકાન ખાલીના કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મૃતક પુત્રના પિતા દ્વારા પોલીસ ફરિયાદ થઈ

**હિંમતનગરના ઈસમ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ થઇ : દુકાનના દસ્તાવેજ પણ કોઈપણ રીતે મેળવી લીધેલ હતા**

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે રહેતા મહેન્દ્રભાઈ અમૃતભાઈ મોદી કે જેવોની દુકાન પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગોપીનાથ કોમ્પલેક્ષમા ઉપરના માળે ૩૪ નંબર ની દુકાન આવે છે જે દુકાન જેતે સમયે મહેન્દ્ર ભાઈ મોદીના પુત્ર કૌશલ મોદી એ તેના મિત્ર ઉપેન્દ્રભાઈ બાબુભાઈ નાયકને મિત્રતાના કારણે દુકાન વાપરવા માટે આપેલ અને મહેન્દ્ર ભાઈનો પુત્ર કૌશલ કુમારનું અવસાન થયેલ છે અને મહેન્દ્ર ભાઈએ સમય થતા ભાડુ માગેલ તથા દુકાન પરત માગતા દુકાનમાં રહેલ ભાડવાત ઉપેન્દ્રભાઈ બાબુભાઈ નાયક ખાલી ના કરતા દુકાન મે વેચાણ રાખેલ છે તેવુ કહી આજદિન સુધીનુ ભાડુ પણ ના આપેલ હોય અને વેચાણ કે બાનાખત કે ભાડા કરાર પણ ના કરેલ હોય અને મહેન્દ્ર ભાઈ મોદીએ દુકાન ખાલી કહેવાનુ કહેતા આરોપી ઉપેન્દ્રભાઈ બાબુભાઈ નાયક દ્વારા મહેન્દ્રને કહ્યુ આ દુકાન મે વેચાણ રાખેલ છે મારી પાસે દુકાનના દસ્તાવેજ પણ છે તો આરોપી ઉપેન્દ્રભાઈ નાયક દ્વારા કોઈ પણ રીતે મહેન્દ્ર ભાઈ ની પત્નીના નામે રહેલ દસ્તાવેજની નકલ મેળવી લીધેલ હોઈને મારી પત્નીના નામે રહેલ દુકાનનો કબજો મને સોંપતાના હોય અને ખોટી રીતે કબજો રાખેલ હોય તેથી પ્રાંતિજ પોલીસ મા ફરીયાદી મહેન્દ્રભાઈ અમૃતભાઈ મોદી રહે. અંબિકા નગર પ્રાંતિજ દ્વારા હિંમતનગરના ઉપેન્દ્રભાઈ બાબુભાઈ નાયક રહે ૪૭,શિવ શકિત પાર્ક રંગોલી પાર્ટી પ્લોટ પાસે કાંકણોલ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પીએસઆઈ વાઈ.બી.બારોટ દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી.

## જન્મદિને વધામણી



અનીલ પટેલ
હિરાપુર કંપા તા.ધનસુરા



વિપુલ પટેલ
બોરોલ હાઈસ્કુલ
અંતિસરા તા. ધનસુરા



તુષાર ધીરુભાઈ પટેલ
બાયડ(અમદાવાદ)



તેજસ પટેલ
બાયડ



નિયતિ જશુભાઈ પટેલ
આકુંદ તા. બાયડ



મૌલિકાબેન ભાવેશભાઈ પટેલ
બાયડ (અમદાવાદ)



આસ્કા ભાસ્કરભાઈ પટેલ
શાંતિકુંજ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન